**<u>અમદાવાદના મે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૫, અમદાવાદ.</u>**
**<u>ક્રિમિનલ કેસ નં. ૯૭૯૫૯/૨૦૧૮</u>**

**<u>આંકઃ-</u>**

ફરીયાદીઃ- શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ- અમીરખાન તાહેરખાન પઠાણ, ઉ.વ.૬૨,
રહે. મકાન નં.૩૪૧/બી/૧૨, ગુ.હા.બોર્ડ સોસાયટી, દાણીલીમડા.

**આરોપઃ- ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)બી મુજબ..**

**<u>કમીટલ હુકમ</u>**

(૧) આ કેસના આરોપી સામે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, સાબરમતી, અમદાવાદના સેકન્ડ ગુના રજી.નં. ૫૯૬૮/૧૭ થી ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)બી મુજબના ગુના સબબ ચાર્જશીટ રજૂ કરેલું છે.

(૨) આ કામના આરોપી જામીન ઉપર મુક્ત થયેલ હોઈ અત્રેની કોર્ટ સમક્ષ મુદતે હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી આરોપીનું નિવેદન લેતાં આરોપીએ ખાનગી વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ નોંધાયેલા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અત્રેની અદાલતને ન હોઈ તથા સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ખાસ અદાલતને જ રહેલી હોઈ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૯ અન્વયે નીચે મુજબનો કમીટલ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૯ અન્વયે સદર કેસ ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ અન્વયે રચાયેલ નામદાર ખાસ અદાલત, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કેસનું તમામ રેકર્ડ નામદાર ખાસ અદાલત, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને તાત્કાલીક મોકલી આપવું.

૩. સદર કેસ કમીટ થયાની જાણ પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને કરવી.

૪. આરોપી તથા જામીનદારને નામદાર ખાસ અદાલત, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ ઈન્સાફી કાર્યવાહી સારૂ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં હાજર રહેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૨.૧૧.૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
મેટ્રોપોલીટન કોર્ટ નં.૨૫
અમદાવાદ

અમદાવાદ.
તા. ૦૨.૧૧.૨૦૧૮